## (D - 84)

# પ્રભુને ભજ તું પ્રભુને

(સકલ સમતા સરલતાનો–રાગ)

પ્રભુને ભજ તું પ્રભુને ભજ તું, સફલ કર નરદેહરે;
મોંના માગ્યા વરસિયા છે, માનવ ભવના મેહરે તું...પ્રભુ૦ ૧

આ દેહવ્યાપી આતમાની ઝળકે રૂડી જ્યોતરે;
જ્ઞાનગુણ તે હંસનો છે, કરે સ્વ-પર ઉદ્યોતરે તું...પ્રભુ૦ ૨

બાહિર ભટકે જીવડા શું? કરી લે ઘટમાં ખોજરે;
રત્ન અમુલખ માંહિ ભરિયાં, દેખંતા સુખ મોજરે તું...પ્રભુ૦ ૩

આતમ તે પરમાતમા છે, પ્રભુ વિભુ જગદીશરે;
ભિન્નપણું ત્યાં કર્મથી છે, કહ્યું છે વિશ્વાવીશરે તું....પ્રભુ૦ ૪

અનંત આતમ વ્યક્તિથી છે, સિદ્ધ સરખા ભાઈરે;
જ્ઞાનાનંદી આતમધ્યાને, ભજન સ્ફુરણા આઈરે તું...પ્રભુ૦ ૫